## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના, આ વખતે સરકારે કાંઈ કહ્યું નથી... થેલી લઈને શાક લઈ આવ... ડોલ મુકી દે...

# ચૈત્ર ચઢયો આકાશે અગનજવાળ વરસી રેકર્ડ બ્રેક ગરમી, તાપમાન ૪૨.૨ ડીગ્રી

## લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત : ગઇકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૧.૨ ડીગ્રી ઉંચકાયો : જનજીવન ગરમીથી પ્રભાવિત

ગાંધીનગર તા ૧૧

શહેરમાં કોરોનાએ આતંક મચાવ્યો છે. બીજીતરફ ગરમીએ પણ જોર પકડયુ છે. આજે શહેરમાં સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૧.૨ ડીગ્રી ઉંચકાયો હતો જયારે મહત્તમ તાપમાન ૪૧.૨ ડીગ્રી પહોંચી ગયુ હતુ. ચૈત્ર આકાશે ચઢતા દિવસ દરમિયાન આકાશમાંથી અગ્નજવાળ વરસી હતી. કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે આમ પણ નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી ત્યારે ગરમીએ પણ ઉગ્ર મિજાજ દાખવતા શહેરમાં દિવસ દરમિયાન સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે. સેકટરોની શેરીએ શેરીએ કોરોના સંક્રમિત દર્દીઓ જોવા મળી રહ્યા છે. ત્યારે બીજીતરફ ગરમીનુ જોર પણ વધતા હાલ શહેરમાં કોરોનાની સાથે ગરમીએ પણ તરખાટ મચાવ્યો છે. આકરી ગરમીના લીધે જનજીવન પ્રભાવિત થયુ છે.ગઈકાલે ગરમીનો પારો ૪૧ ડીગ્રી હતો જયારે આજે ગરમી વધુ ૧.૨ ડીગ્રી વધતા ગરમીનો પારો ૪૨.૨ ડીગ્રી પહોંચ્યો હતો સિઝનની રેકર્ડ બ્રેક ગરમીના લીધે નગરજનોએ ચામડીને દાહ આપતો તાપ અનુભવ્યો હતો. સવારથી જ ગરમીનો મિજાજ ઉગ્ર જોવા મળ્યો હતો. બપોર થતા આકાશમાંથી અંગારા વરસવાનુ શરૂ થયુ હતુ. દિવસ દરમિયાન વરસતી અગ્નજવાળથી બચવા માટે નાગરિકોએ ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ.

એકબાજુ કોરોનાના સંક્રમણથી બચવા માટે આમ પણ નાગરિકો કામ સિવાય બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે. ત્યારે બીજીતરફ ગરમી પણ આકરી બનતા ઘરની બહાર નિકળવાનુ પણ વધુ મુશ્કેલ બન્યુ છે. જયારે આજે રવિવારની રજા હોવાની સાથે કોરોના અને ગરમીના કહેરથી બચવા નગરજનો ઘરમાં જ પુરાયેલા રહ્યા હતા જેના લીધે શહેરના માર્ગો પર દિવસ દરમિયાન સન્નાટો છવાયેલો રહ્યો હતો. આકરી ગરમીના લીધે જનજીવન પ્રભાવિત છે. આજે લઘુત્તમ તાપમાન પણ ગઈકાલની સાપેક્ષમાં ઉંચકાયુ હતુ. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત જોવા મળ્યો હતો. એપ્રિલ મહીનાના મધ્યમમાં ચૈત્ર આકાશે ચઢતા અગ્નજવાળ વરસી રહી છે. શહેરીજનો અંગારા વરસાવતી ગરમીથી બચવા ઘરમાં પુરાયેલા રહે છે.

# ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય સેવાઓને નામે મીંડુ : ગ્રામ્ય પ્રજામાં રોષ છે : બેચરજી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો કહેર વધતાં તંત્ર દ્વારા ઓરમાયુ વર્તન દાખવવામાં આવતુ હોવાનો આક્ષેપ કોંગી અગ્રણી અને પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય બેચરજી ઠાકોરે કર્યો છે.

તેમણે જણાવ્યુ છે કે મનપા વિસ્તારમાં અમારા ગામો ભેળવવામાં આવ્યા પછી કોરોનાના દર્દીઓને ત્યાં સેનીટાઈઝેશન પણ થતુ નથી મનપામાં ફરિયાદ કરીએ તો કહે જિલ્લાતંત્ર કરશે અને જિલ્લાતંત્રએ આ ગ્રામજનોને નોંધારા છોડી દીધા છે.

ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી પણ કરવામાં આવતી નથી. ગ્રામીણ વિસ્તારના આરોગ્યના પ્રશ્નોના બાબતે તંત્ર જે રીતે ઓરમાયુ વર્તન આ દુ:ખની પળોમાં કરી રહ્યુ છે તે અસહનીય છે. મનપાનું તંત્ર કચરો લેવામાં પણ વ્હાલા દવલાંની ભૂમિકા ભજવી રહ્યુ છે. મનપાના અધિકારીઓ ગ્રામ્ય વિસ્તારની મુલાકાત પણ લેવાનું જે રીતે ટાળી રહ્યા છે તેનાથી ગ્રામીણ વિસ્તારમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

એક વર્ષ જેટલો સમય થવા આવ્યો પણ કમિશનરશ્રીને હજુ રાઉન્ડ લેવાનો સમય મળ્યો નથી અને ગ્રામજનો સાથે બેઠક પણ કરી નથી. વિકાસના કામોની વાતો થાય છે પણ એકેય કામ શરૂ કરાયુ નથી. ગ્રામ્ય જીવનના પ્રશ્નો સમજવા કે ઉકેલવામાં તંત્રને કોઈ રસ નથી એમ પણ તેમણે કહ્યુ છે.



**સેકટર-૩ ન્યુ ખાતે રેપીડ ટેસ્ટનું આયોજન**

શહેરના સેકટર-૩ એ ન્યુ ખાતે વસાહત મંડળ દ્વારા કોરોનાનું રેપીડ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગના ધન્વંતરી રથના આરોગ્યકર્મીઓ દ્વારા સવારે ૧૦થી ૧ અને બપોરના ૨.૩૦થી ૪.૩૦ દરમિયાન ૫૦ જેટલા વસાહતીઓના કોરોના રેપીડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં ૧૭ પોઝીટીવ આવતા તંત્ર પણ ચોંકી ઉઠયુ હતું. મનપા દ્વારા આ વિસ્તારને કન્ટેઈન્મેન્ટ એરીયા જાહેર કરાયો છે. જયારે સેકટરમાં કોરોનાથી ૩ વસાહતીઓએ જીવ ગુમાવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

# કોરોનાનો કહેર વધતાં ઉનાળુ વાવેતર ઘટવાની ભીતિ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો કહેર વધતાં ઉનાળુ વાવેતર વિસ્તારમાં ઘટાડો થવાની સંભાવનાઓ વધી રહી છે.

સામાન્યત: ૬૦ હજાર હેક્ટરમાં ઉનાળુ વાવેતર થતું હોય છે તેની સામે હજુ સુધીમાં માત્ર ૨૨,૬૭૧ હેક્ટર વિસ્તારમાં જ વાવેતર થયુ છે.

જિલ્લામાં આમેય સિંચાઈની સુવિધા ઓછી છે અને શ્રમિકોની અછત પણ છે એવા સંજોગોમાં કોરોનાની મહામારીમાં ખેડૂતોએ ઉનાળુ વાવેતરમાં આ વખતે જોઈએ તેવો ઉત્સાહ દાખવ્યો નથી. જિલ્લામાં ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળતા નહિ હોવાની લાગણી પણ તીવ્ર બની રહી છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આ વખતે ઉનાળુ બાજરીનું વાવેતર ૫૩૯૨ હેક્ટર વિસ્તારમાં, મગનું વાવેતર ૬૮ હેક્ટરમાં તથા શાકભાજીના પાકોનું વાવેતર ૪૪૦૦થી વધુ હેક્ટરમાં અને ઘાસચારાનું વાવેતર ૧૨ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં થયુ છે.

ઉનાળુ વાવેતરની સિઝન હજુ ૩૧ એપ્રિલ સુધી છે. પરંતુ જે રીતે કોરોનાના કેસો ગ્રામ્ય વિસ્તારમાં વધી રહ્યા છે તે જોતાં આ વખતે વાવેતર વિસ્તાર ઘટશે. સામાન્યત: એપ્રિલના પ્રથમ સપ્તાહ સુધીમાં ૨૪ હજાર હક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર થતુ હોય છે પણ આ વખતે તેમાં ઘટાડો થયો છે.

## ખૂણેખાંચરેથી

- ખેતીવાડી અધિકારી તરીકે જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતા ચંદનસિંહ ઠાકોર કોરોના પોઝીટીવ થતાં હોમ આઈસોલેશન થયા છે.
- જિલ્લામાં ૨૩૧ ખેડૂતોએ અત્યાર સુધીમાં ટેકાના ભાવે ઘઉંનું વેચાણ કર્યુ છે. જિલ્લામાં ૧૬૧૦ ખેડૂતોએ ટેકાના ભાવે વેચાણ કરવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.
- જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતાં ઉનાળુ વાવેતર ઘટવાનો ભય ઉભો થયો છે.
- શહેર અને જિલ્લાના બજારોમાં ઘરાકી ઘટવા પામી છે.
- જિલ્લા પુરવઠા અધિકારીએ આજે જિલ્લામાં આવેલા ઓક્સીજન પ્લાન્ટોની અચાનક મુલાકાત લઈ અને ઓક્સીજનની સ્થિતિની વિગતો મેળવી હતી.
- ગાંધીનગર મનપાની ચૂંટણી બંધ રહેતાં હવે રાજકીય કાર્યકરો કોરોના વોરિયર્સની ભૂમિકામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા આજે ભૈરવનાથ પાર્ટી પ્લોટ ખાતે કાર્યકરોની બેઠક યોજાઈ હતી અને તેમાં સેવાકાર્યમાં સૌને લાગવા અપીલ કરવામાં આવી હતી.
- શહેરમાં શાકભાજી, ફ્રૂટ્સના ભાવમાં વધારો થતાં મધ્યમવર્ગની મુશ્કેલી વધી છે.
- રાજ્યના પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલને સારવાર માટે એસ.વી.પી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.
- સે. ૨૨ બ્રહ્મસમાજના અગ્રણી કનુભાઈ જોશીના દિકરાનું ગઈકાલે કોરોનાની સારવાર દરમ્યાન અવસાન થયુ છે.

# ઘરે સારવાર લેતાં દર્દીના સગાને રેમડેસિવીર રસી આપતા નથી

કોરોનાના કેસમાં ભારે ઉછાળો આવ્યો પછી હોસ્પિટલો દર્દીઓથી ઊભરાઈ રહી છે. દર્દીઓની સંખ્યા વધતાં કોરોનાની સારવારમાં વપરાતી રેમડેસિવીર દવાની પણ અછત વર્તાઈ રહી છે. દર્દીના સ્વજનો એક જગ્યાએથી બીજી જગ્યાએ આ દવા મેળવવા ધક્કા ખાઈ રહ્યા છે. કેટલીય જગ્યાએ રેમડેસિવીર મેળવવા માટે દર્દીના સગાં લાંબા લાઈનમાં ઊભા રહે છે. અમદાવાદની કેટલીક હોસ્પિટલોમાં તો ઈન્જેકશન લેવા આવતા દર્દીઓના સગાં-સંબંધીઓને પાછા ધકેલવામાં આવી રહ્યા છે અને ડૉક્ટર અથવા તો ઓથોરાઈઝ્ડ વ્યક્તિને જ મળશે તેમ જણાવાઈ રહ્યું છે. ઈન્જેક્શનની કાળાબજારી, નફાખોરો જેવી ગેરરીતિ સામે આવી રહી છે. રેમડેસિવીર ઈન્જેક્શન મેળવાની વ્યવસ્થામાં પ્રસરેલો અરાજકતાનો માહોલ મહામારી નિયંત્રણમાં લેવાના સરકારના પગલાંની સફળતા સામે પ્રશ્નાર્થ ઊભો કરી રહ્યા છે. હાલમાં સૌથી મોટો સવાલ કોરોનાના દર્દીઓને દાખલ કરવાનો તથા સારવારમાં વપરાતા રેમડેસિવીર ઈન્જેક્શન મેળવવાનો છે. ઝાયડસ હોસ્પિટલ દ્વારા દર્દીઓને રાહતદરે ઈન્જેક્શન આપવાની શરૂઆત કરવામાં આવતાં દર્દીઓની લાઈનો લાગી હતી. પરંતુ વ્યવસ્થા કોઈ કારણોસર બંધ કરી દેવામાં આવી છે. ત્યારે દર્દીઓના પરિજનો સરકારી હોસ્પિટલોમાં ઈન્જેક્શનો લેવા માટે દોડાદોડી કરી રહ્યા છે. નર્સિંગ હોમ ધરાવતા ડૉ. વિરેશ એન. પટેલે સ્થાનિક અખબારને ગંભીર સ્થિતિ અંગે જાણકારી આપી છે. ડૉ. પટેલે કહ્યું, હોસ્પિટલોમાં જગ્યા નથી ત્યારે એવા અનેક દર્દીઓ છે જે નાછૂટકે ઘરે રહી તબીબી સારવાર લેવા માટે મજબૂર બન્યા છે. દર્દીઓના સગા જ્યારે જીસીએસ અથવા એસવીપી હોસ્પિટલમાં ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન, દર્દી તથા લેવા જનારનો આધાર પુરાવો લઈને નિયમ પ્રમાણે ઈન્જેક્શન લેવા જનારનો આધાર પુરાવા લઈને નિયમ પ્રમાણે, રેમડેસિવીર ઈન્જેક્શન લેવા જાય ત્યારે તેમને ડૉક્ટર અથવા તેમના ક્લિનિકમાંથી ઓફિશિયલ લેટર લઈને ઈન્જેક્શન લેવા આવે તો જ આપવાનું જણાવામાં આવે છે.

# આજથી સે-૨૧ ગોવર્ધનનાથજીની હવેલી મંદિરના દર્શન બંધ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં સતત વધી રહેલા કોરોના વાયરસ સંક્રમણને પગલે ફરી એકવાર વિવિધ ધાર્મિક સ્થાનો બંધ થઈ રહ્યા છે. આ સ્થિતિમાં ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા પણ સેકટર-૨૧ ખાતેની શ્રી ગોવર્ધનનાથજીની હવેલી મંદિરને તા. ૧૨ એપ્રિલથી તા. ૩૦ એપ્રિલ સુધી દર્શનાર્થીઓ માટે સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી હવેલી મંદિરમાં તમામ દર્શન બંધ રહેશે જેની તમામ વૈષ્ણવોએ નોંધ લેવા વૈષ્ણવ સમાજના ઉપપ્રમુખ જસવંત ગાંધીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# રાજ્યના પ્રધાનોના પગાર ખર્ચમાં ૫.૩૫ કરોડ અને અંગત સ્ટાફ પાછળ ૨૪.૯૨ કરોડ ખર્ચાશે

ગુજરાત સરકારના મંત્રીઓનો પગાર ખર્ચ ૫.૩૫ કરોડ થવાનો છે જે ગયા વર્ષે ૪.૦૬ કરોડ થયો હતો. પગાર ખર્ચમાં એક વર્ષમાં એક કરોડ રૂપિયાનો વધારો નોંધાયો છે. કેબિનેટનું કદ નાનું હોવા છતાં મહત્વની બાબત એવી છે કે મંત્રીઓના અંગત સ્ટાફના ખર્ચમાં વિક્રમી વધારો નોંધાયો છે. બે વર્ષ પહેલાં આ ખર્ચનું બજેટ ૨૦.૨૩ કરોડ રૂપિયા હતું તે ગયા વર્ષે વધીને ૨૧.૨૭ કરોડ થયું છે અને આ વર્ષના અંતે અંગત સ્ટાફનો ખર્ચ વધીને ૨૪.૯૨ કરોડ રૂપિયા થશે. એઠલે કે એક વર્ષમાં ત્રણ કરોડનો વધારો જોવા મળ્યો છે. રાજ્યના સામાન્ય વહીવટ વિભાગના આંકડા પ્રમાણે ગુજરાતના રાજ્યપાલના સચિવાલયનો કુલ ખર્ચ ૯.૯૬ કરોડ થવાનો છે જે ગયા વર્ષે સુધારેલા અંદાજ પ્રમાણે ૮.૪૦ કરોડ થયો હતો. એટલે કે આ વર્ષે એક કરોડ કરતાં વધુની રકમનો વધારો થયો છે. સરકારના નાણા વિભાગ દ્વારા પ્રતિવર્ષ બજેટમાં આ ખર્ચની જોગવાઈ કરવામાં આવતી હોય છે. નાણા વિભાગના આંકડા પ્રમાણે નવી દિલ્હીમાં નિવાસી આયુક્તની કચેરી બનાવવામાં આવી છે જે ગુજરાતના મહેમાનોની સરભરા કરતી હોય છે. આ કચેરીનો વાર્ષિક ખર્ચ ૨૦૧૯માં ૧૩.૧૦ કરોડ હતો જે ૨૦૨૦માં વધીને ૧૩.૩૫ કરોડ થયો છે અને ૨૦૨૧ના અંતે તે વધીને ૧૬.૬૯ કરોડ થવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. રાજ્ય ચૂંટણી આયોગ કે જે સ્થાનિક ચૂંટણીનું સંચાન કરે છે તેનો ખર્ચ પણ સરકાર કરે છે. આયોગ આઠ મહાનગરપાલિકા, ૧૫૬ નગરપાલિકા, ૩૩ જિલ્લા પંચાયતો, ૨૪૮ તાલુકા પંચાયતો અને ૧૪૨૪૪ ગ્રામ પંચાયતોની ચૂંટણીનો વહીવટ કરે છે. સરકારના નાણા વિભાગે ૨૦૧૯માં ચૂંટણી પંચને ખર્ચ પેટે ૭.૪૫ કરોડ અને ૨૦૨૦માં ૧૪.૧૨ કરોડ ચૂકવ્યા હતા, જ્યારે ૨૦૨૧ના અંતે વિભાગ તરફથી ૧૧.૧૦ કરોડ ચૂકવવામાં આવશે.

## ગુજરાતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ લોકોની જીંદગી બચાવે છે પરંતુ તેના સ્ટાફનું શોષણ થઇ રહ્યું છે

**● ૧૦૮ના સ્ટાફનું આર્થિક શોષણ થતું હોવાનો આરોપ...**

ગુજરાતમાં લોકોના આરોગ્યની સુવિધા માટે ૧૯મી ઓગષ્ટ ૨૦૦૭થી આવક, ધર્મ કે જાતિના ભેદભાવ વિના ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાઓ શરૂ કરવામાં આવી છે. ૨૪ કલાક સુધી આ સેવા આખા રાજ્યમાં ચાલી રહી છે. ૧૨ વર્ષના સમયગાળા પછી આજે રાજ્યમાં ૬૨૪ જેટલી એમ્બ્યુલન્સ દોડી રહી છે. ૧૦૮માં પ્રતિદિન ૮૦૦૦ જેટલા કોલ આવે છે. રાજ્યના શહેરી વિસ્તારમાં એવરેજ ૧૭.૩૮ મિનિટ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૪.૪૦ મિનિટમાં આ એમ્બ્યુલન્સ પહોંચી જાય છે. આ સેવામાં કુલ ૧.૨૦ કરોડ કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે જે પૈકી ૪૦.૦૬ લાખ પ્રસૂતિ સબંધિત કોલને પ્રતિસાદ આપવામાં આવ્યો છે અને ૧૦.૭૬ લાખ લોકોની જીંદગી બચાવવામાં આવી છે. જીવીકે ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ એ પ્રોફિટ પ્રોફેશનલ ઓર્ગેનાઈઝેશન છે જે પીપીપી મોડ પર કામ કરે છે. દેશના ૧૮ રાજ્યોમાં કુલ ૭૩૮૭ જેટલી એમ્બ્યુલન્સ સેવા ચાલી રહી છે જે પૈકી સૌથી વધુ ૨૪૫૦ એમ્બ્યુલન્સ એકલા ઉત્તરપ્રદેશમાં આપવામાં આવેલી છે. જો કે મહત્વની બાબત એવી સામે આવી છે કે આ એમ્બ્યુલન્સના ડ્રાઈવર તેમજ અન્ય સ્ટાફને મહેતનના પ્રમાણે પગાર ખૂબ ઓછો મળી રહ્યો છે. આ કંપની તેના કર્મચારીઓનું શોષણ કરી રહી હોવાની ફરિયાદો અવારનવાર ઉભી થાય છે. જે ડ્રાઈવર ગણતરીની મિનિટોમાં દર્દી સુધી પહોંચી જાય છે તેના પરિવારની આર્થિક સ્થિતિ સારી હોતી નથી. ૧૦૮ના ઘણાં સ્ટાફની ફરિયાદ છે કે આ સર્વિસમાં અમારૂં માનસિક અને આર્થિક શોષણ થાય છે. કામના કલાકો ઘણીવાર વધી જતા હોય છે છતાં નિયત પગારમાં કામ કરવું પડે છે. કોઈપણ કર્મચારીને આ કંપની નોકરીમાંથી રૂખસદ પણ આપી દેતી હોય છે. એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે ભરતી થયેલા કર્મચારીને તાલીમ લેવા માટેના રૂપિયા ચૂકવવા પડે છે. સરકારી નિયમ પ્રમાણે સ્ટાફને રજા પણ મળતી નથી. જો કોઈ ડ્રાઈવર કે સ્ટાફ અનિવાર્ય કારણોસર રજા પાડે તો બદલી અને પગાર કાપ સહન કરવો પડે છે.

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

**● કોરોના સંક્રમણના કારણે સચિવાલયમાં ગભરાટ...**

ગુજરાતમાં કોરોના સંક્રમણના વધતા કેસોથી સચિવાલયના કર્મચારીઓમાં ફફડાટ ફેલાઈ ચૂક્યો છે. એક પછી એક કર્મચારીઓ સંક્રમણનો ભોગ બની રહ્યાં છે. સ્વર્ણિમ સંકુલમાં આવેલી કેબિનેટના મંત્રીઓની ચેમ્બરમાં મંત્રીઓના અંગત સ્ટાફને પણ કોરોનાએ છોડ્યા નથી. આરોગ્યની સૌથી વધુ તકેદારી રાખતા ઉચ્ચ અધિકારીઓ પણ પોઝિટીવ બની રહ્યાં છે. છેલ્લા એક વર્ષમાં પહેલીવાર સચિવાલયમાં મોટી સંખ્યામાં કેસો જોવા મળ્યા છે. બીજીતરફ સચિવાલયના વિભાગોમાં આઈએએસ ઓફિસરોએ તેમની ચેમ્બરમાં સેફ્ટિ વધારી દીધી છે. ઉચ્ચ અધિકારીઓ કામ સિવાય વિભાગના સ્ટાફ સાથે મંત્રણા કે મિટીંગ કરતા નથી. મોટાભાગનું કામ ઈન્ટરકોમથી પતાવે છે. સચિવાલયમાં મુલાકાતીઓની સંખ્યામાં પણ નિયંત્રણ આવ્યું છે, કારણ કે વિભાગના વડા હવે સંસદસભ્યો, ધારાસભ્યો, પાર્ટીના નેતાઓ તેમજ સામાન્ય મુલાકાતીઓને અરજન્ટ કામ સિવાય મળતા પણ નથી. સ્વર્ણિમ સંકુલમાં પાંચ મંત્રીઓના અંગત સ્ટાફમાં કોરોના સંક્રમણ વધી ગયું હોવાથી હવે મંત્રીઓની ચેમ્બરો પણ સૂમસામ બની ચૂકી છે. એવો રિપોર્ટ પણ છે કે સચિવાલયમાં જે કર્મચારીઓને કોરોના સંક્રમણ થયું છે તેમના પરિવારના સભ્યો પણ કોરોના પોઝિટીવ આવી રહ્યાં છે. સચિવાલયમાં સામાન્ય રીતે અમદાવાદના કર્મચારીઓની સંખ્યા વધારે છે અને તેઓ સચિવાલયની પોઈન્ટ એસટી બસોમાં મુસાફરી કરતા હોય છે. જો સંક્રમણ વધશે તો પોઈન્ટની સર્વિસ બસોને બંધ કરવામાં આવે તેવી પણ સંભાવના વધી રહી છે.



**● ગુજરાતમાં છ પ્રવાસન સ્થળોએ હેલિપોર્ટ બની રહ્યાં છે...**

ગુજરાતના પ્રત્યેક તાલુકામથકે હેલિપેડ બનાવવાની કામગીરી ચાલી રહી છે ત્યારે રાજ્યમાં એવા છ સ્થળો છે કે જ્યાં સરકાર હેલિપોર્ટ તરીકે તેને ડેવલપ કરી રહી છે. આ સ્થળોમાં યાત્રાધામ અને પ્રવાસન મથકોને આવરી લેવામાં આવ્યા છે. પ્રત્યેક હેલિપોર્ટ પાછળ સરકાર ૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરી રહી છે. ગયા વર્ષથી આ કામગીરી શરૂ કરવામાં આવી છે. નાગરિક ઉડ્ડયન વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે હેલિપોર્ટ અથવા તો હેલિડ્રોમ એ એક એવી સુવિધા છે જે હેલિકોપ્ટર અને કેટલાક અન્ય વર્ટિકલ લિફ્ટ પ્લેટફોર્મના ઉપયોગ માટે યોગ્ય છે. દૂરના વિસ્તારો, શહેરની વચ્ચે અવરજવર, પર્યટન, કાયદાનું અમલીકરણ, આપત્તિ સહાય, શોધ તેમજ બચાવ અને મેડીકલ ઈમરજન્સીમાં તાત્કાલિક હવાઈ જોડાણ પુરૂં પાડવા માટે સામાન્ય રીતે હેલિકોપ્ટર મુખ્ય ભૂમિકા નિભાવે છે. નાગરિક ઉડ્ડયન વિભાગે કુલ છ સ્થળોએ હેલિપોર્ટની સુવિધા ઉભી કરવાનું નક્કી કર્યું છે જેમાં અમદાવાદ, સોમનાથ, દ્વારકા, અંબાજી, સાપુતારા અને ગીર સોમનાથનો સમાવેશ થાય છે. હેલિપોર્ટ બનાવવા માટે ખૂબ ઓછી જમીનની આવશ્યકતા હોય છે. એક હેલિપોર્ટ આઠ એકર જમીનમાં બને છે અને તેનો આંતરમાળખાકીય ખર્ચ પણ ઓછો આવે છે. હેલિપોર્ટ તમામ હેલિકોપ્ટર સુવિધાઓ પુરી પાડી શકે છે જેવી કે એમઆરઓ સેવા, સ્મોલ ટર્મિનલ બિલ્ડીંગ, એટીસી ટાવર, ઓપરેશનલ એરિયા, પાર્કિંગ, ફાયર એન્ડ એમ્બ્યુલન્સ, ફ્લુઅલિંગ જેવી યુટિલિટી સેવાઓનો સમાવેશ થાય છે. પ્રત્યેક હેલિપોર્ટનો ખર્ચ ૨૦ લાખ રૂપિયા થાય છે અને મહેસૂલી ખર્ચ પ્રતિવર્ષ ત્રણ કરોડ જેટલો આવતો હોય છે.

**● કોરોનાના ત્રણ વેરિયન્ટે દેશમાં તરખાટ મચાવ્યો છે...**

ભારતમાં ૨૦૨૧માં ત્રણ પ્રકારના વાયરસનું આક્રમણ ચાલી રહ્યું છે જેમાં યુકે, સાઉથ આફ્રિકન અને બ્રાઝિલના વેરિયન્ટના કેસો નોંધાય છે. યુકેમાં ડિસેમ્બરમાં નવો વાયરસ દેખાયો હતો. કોરોના વાયરસના આ નવા સ્ટ્રેઈનનું જેનેટિક મ્યુટેશન એવી રીતે થયું છે કે તેનો ચેપ વધારે પ્રસરે છે. દેશમાં અત્યારે યુકેના ૭૩૬, સાઉથ આફ્રિકાના ૩૪ અને બ્રાઝિલનો એક કેસ છે. વાયરસમાં ફેરફાર એ કોમન બાબત છે તેનાથી વધુ ફેર પડતો નથી પરંતુ તેનું સંક્રમણ અનેકગણું વધી જાય છે તેથી જોખમી બને છે. ગુજરાતમાં યુકે વેરિયન્ટના કુલ ૩૯ કેસ છે. તબીબો કહે છે કે આ નવા વેરિયન્ટનું સંક્રમણ યુવાનો અને બાળકો થકી પરિવારમાં તેજ ગતિએ ફેલાઈ રહ્યું છે તેથી કેસોમાં ઉછાળો આવ્યો છે. ભારતમાં અત્યારે એક્ટિવ કેસની સંખ્યા ૧૧ લાખ જેટલી છે. ૧૨ કરોડ કરતાં વધુ લોકો સ્વસ્થ થયાં છે અને ૧.૬૯ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. દેશની ૧૩૦ કરોડની વસતીમાં અત્યારે ૮૪ દિવસમાં કુલ ૧૦.૧૫ કરોડ લોકોએ વેક્સિન લીધી છે. કોવિડ ડેશબોર્ડના આંકડા પ્રમાણે ગુજરાતમાં અત્યારે એક્ટિવ કેસની સંખ્યા ૨૫૧૨૯ છે. કુલ ૧.૪૭ કરોડ લોકોનું ટેસ્ટીંગ થયું છે. ૩.૧૧ લાખ દર્દીઓ સ્વસ્થ થયાં છે. રાજ્યમાં કોરોના દર્દીનો મૃત્યુઆંક ૪૭૪૩ થયો છે. સૌથી વધુ ૫૩૯૦ એક્ટિવ કેસ એકલા અમદાવાદમાં જોવા મળ્યા છે. રાજ્યના ચાર મુખ્ય શહેરોમાં કોરોનાના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. જો કે ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાનો પગપેસારો થયો છે તેથી સરકારની ચિંતા વધી છે, કારણ કે જો ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધશે તો કોરોનાને નિર્મૂલન કરવામાં સરકાર માટે મોટું વિઘ્ન ઉભું થઈ શકે છે. આ સંજોગોમાં રસીકરણ એકમાત્ર ઉપાય છે.

## સચિવાલયમાં પહેલીવાર કોરોના સંક્રમણનો ગભરાટ, વિઝીટરોની સંખ્યામાં પહેલીવાર ઘટાડો

## એસકે નંદાનો 'કિચન ગાર્ડન કીટ' પ્રોજેક્ટ બંધ, હવે આરકે ગુપ્તાનો 'નીમ પ્રોજેક્ટ' લાઇનમાં છે

**● રાજ્યમાં 'નીમ' અને 'કીચન ગાર્ડન' પ્રોજેક્ટની દુદર્શા...**

ગુજરાત સરકારની બ્યુરોક્રેસીમાં એક કમજોરી એવી છે કે જે વિભાગ કે નિગમમાં ઉચ્ચ અધિકારી તેમના સમયગાળા દરમ્યાન કોઈ નવો પ્રોજેક્ટ શરૂ કરે છે ત્યારે તે પોપ્યુલર બનતો હોય છે પરંતુ જ્યારે તે ઓફિસરની બદલી થાય છે અને તેમની જગ્યાએ નવા ઓફિસર આવે છે ત્યારે પુરોગામી ઓફિસરના પ્રોજેક્ટને બંધ કરી નાંખે છે અથવા તો કોઈને કોઈ બહાને તેને સ્થગિત કરી દેતા હોય છે. સરકારના બે નિગમ તેનું ઉદાહરણ છે. જીએનએફસીમાં જ્યારે સનદી અધિકારી રાજીવકુમાર ગુપ્તા હતા ત્યારે તેમણે આદિવાસી મહિલાઓના સહકારથી નીમ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. આ પ્રોજેક્ટ હેઠળ લીમડાની લીંબોળીમાંથી સાબુ, શેમ્પુ, હેન્ડ સેનેટાઈઝર, લીંબોળીનું ખાતર અને અન્ય કોસ્મેટીક્સ આઈટમો બનાવવામાં આવતી હતી. આ પ્રોજેક્ટ એટલો બધો પોપ્યુલર બની ગયો હતો કે ગુજરાત જ નહીં દેશભરમાં તેના સ્ટોર ખૂલ્યા હતા. હવે રાજીવકુમાર ગુપ્તાના સ્થાને બીજા ઓફિસર નિયુક્ત થયેલા છે ત્યારે તેમના કાર્યકાળમાં નીમ સ્ટોર બંધ થઈ રહ્યાં છે અને નીમ પ્રોડક્ટ્સની અછત સર્જાઈ રહી છે. એવી જ રીતે સુદીપકુમાર નંદા જ્યારે જીએસએફસીમાં હતા ત્યારે તેમણે કીચન ગાર્ડનની એક કીટ બનાવી હતી, જે એટલી બધી પોપ્યુલર બની હતી કે ગૃહિણીઓની માંગને પહોંચી વળાતું ન હતું. એકલા વડોદરામાં જ બે મહિનામાં ૫૦૦ કીટ વેચાઈ ગઈ હતી. આ કીટમાં શાકભાજીના બિયારણ, ખાતર, પેસ્ટ્રીસાઈડ અને કેવી રીતે શાકભાજી ઉગાડવી તેની માહિતી પુસ્તિકા આપવામાં આવતી હતી. આજે સુદીપકુમાર નંદાનો આ પ્રોજેક્ટ બંધ થઈ ચૂક્યો છે.